# Visit of External Affairs Minister to the Republic of Kenya (June 12-14, 2021)

June 08, 2021

# વિદેશમંત્રીની રિપબ્લિક ઓફ કેન્યાની મુલાકાત (જૂન 12-14, 2021)

જૂન 08, 2021

વિદેશમંત્રી ડૉ. એસ. જયશંકર 12 જૂનથી 14 જૂન 2021 દરમિયાન રિપબ્લિક ઓફ કેન્યાની સત્તાવાર મુલાકાત લેશે. કેન્યાના વિદેશમંત્રીની સાથે તેઓ ઇન્ડિયા- કેન્યા જોઇન્ટ કમિશનની ત્રીજી બેઠકમાં ભાગ લેશે જેમાં દ્વિપક્ષીય સંબંધોના તમામ પાસાની સમીક્ષા કરવામાં આવશે. જોઇન્ટ કમિશનની છેલ્લી બેઠક માર્ચ 2019માં નવી દિલ્હી ખાતે યોજાઈ હતી.

નૈરોબીમાં ડૉ. જયશંકર કેન્યાની સરકારના અન્ય મંત્રીઓને મળશે અને ભારત-કેન્યાના સંબંધોને આગળ લઈ જવા માટે મંત્રણા કરશે. આ વિકાસલક્ષી ભાગીદારી બંને દેશોના સંબંધોમાં એક મહત્ત્વનો પાસો છે જેને આ મુલાકાત દ્વારા વધારે ગાઢ બનાવવામાં આવશે. વિદેશમંત્રી કેન્યામાં ભારતીય મૂળના સમુદાયને પણ મળશે જે બંને દેશો વચ્ચે એક મહત્ત્વનો સેતુ છે.

ભારત અને કેન્યા હાલમાં યુનાઈટેડ નેશન્સ સિક્યોરિટી કાઉન્સિલમાં સેવા આપે છે. તેઓ કોમનવેલ્થના પણ સભ્યો છે. કેન્યા એ આફ્રિકન યુનિયનનું સક્રિય સભ્ય છે જેની સાથે ભારત લાંબા ગાળાના સંબંધ ધરાવે છે.

**નવી દિલ્હી**
**જૂન 08, 2021**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA's website and may be referred to as the official press release.